આદિજાતિ વિસ્તાર પેટા યોજના-અનુ.જનજાતિના
વકીલોને સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ.
ઠરાવ ક્રમાંક:ટીએસપી-૧૧૮૬-~~[illegible]~~-ધ.
સચિવાલય,ગાંધીનગર
તા.૧૪-૭-૮૭

**વંચાણે લીધા :-**

૧: સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક:એસસી/ડબલ્યુ-૧૧૭૯-૪૯૬૧૨-ધ, તા.૨૮-૭-૮૦.

૨: નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગાંધીનગરના તા.૩-૧૦-૮૬ ના પત્રક્રમાંક:વિ.ક-અમલ-ધ-સ-વધારો-૮૬-૮૭-૩૭૦.

**ઠરાવ :-**

રાજ્યમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજનાના વિસ્તારમાં વસતા અનુ.જનજાતિના કાયદાની પદવી મેળવીને પ્રેક્ટીસ કરવા માંગતા યુવાનો આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાના કારણે વકીલાતની સ્વતંત્ર પ્રેક્ટીસ કરી શકતા નથી અને અધવચ્ચે પ્રેક્ટીસ છોડી દેતા હોય છે. આવી અનુ.જનજાતિની વ્યક્તિઓને નાણાંકીય સહાય આપવાની યોજના સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે સરકારે આદિવાસી પેટા વિસ્તાર યોજનામાં આવરી લેવાયેલ જીલ્લાઓમાં ગુણવત્તાના ધોરણે કાયદાની પદવી ધરાવતા આદિવાસી યુવાનોને ૧૯૮૭-૮૮ના વર્ષથી નીચેની શરતોને આધીન રહીને નાણાંકીય સહાય આપવાની યોજના અમલી બનાવવાનું ઠરાવ્યુ છે. આ યોજનાના અમલ માટે આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ રૂ.૩૬,૦૦૦/- નો વહીવટી મંજુરી આપવામાં આવે છે. પ્રથમ તબક્કે આ યોજનાનો અમલ સુરત અને અમદાવાદ મથકોએ કરવામાં આવશે.

(૧) આદિવાસી વિસ્તારમાં રહેતા આદિવાસી વ્યક્તિનેજ આ યોજનાનો લાભ મળી શકશે.

(૨) અનુ.જનજાતિના કાયદાના સ્નાતકને પ્રેક્ટીસ શરૂ કરે તેના પ્રથમ વર્ષ રૂ.૧૦૦૦/- દરમહિને આર્થિક સહાય તરીકે આપી શકાશે. બીજા વર્ષે માસીક રૂ.૮૦૦/- અને ત્રીજા વર્ષે માસિક રૂ.૬૦૦/- ની સહાય આપવામાં આવશે.

(૩) આ વ્યક્તિને જે સીનીયર વકીલ વકીલાત કરવાની તક આપે તેને માસિક રૂ.૫૦૦/- નું એલાઉન્સ આપવામાં આવશે.

/૨/

(૪) આ યોજનાનો લાભ અનુ.જનજાતિના આદિજાતિ વિસ્તારના ઉમેદવારોને ગુણવત્તાના ધોરણે આપવામાં આવશે અને આ યોજનાનો લાભ એક વ્યક્તિને એક જ વખત મળશે.

(૫) ઉમેદવારની ગુણવત્તાના ધોરણે પસંદગી નીચેના સભ્યોની સીલેક્શન કમીટી કરશે.

૧: સંબંધિત જીલ્લાના મેજીસ્ટ્રેટ - અધ્યક્ષશ્રી

૨: જીલ્લા સરકારી વકીલ - સભ્ય

૩: જીલ્લા બાર એસોશીએશનના અધ્યક્ષશ્રી - સભ્ય

૪: પ્રાયોજના વહીવટદાર, આદિજાતિ પેટા યોજના. - સભ્ય.

૫: જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી - સભ્ય.

(૬) સીનીયર વકીલો માટેની પસંદગી સમિતિ પણ ઉપર મુજબ જ રહેશે અને સીનીયર વકીલ તરીકે આ પ્રકારની તાલીમ જીલ્લા મથકે આપવાની રહેશે.

૨: ઉમેદવારોની પસંદગી માટે તેમજ સીનીયર વકીલોની પસંદગી માટે સમિતિની બેઠક બોલાવવી યાદી તૈયાર કરવી વગેરે કાર્યવાહી સંબંધિત જી.પછાતવર્ગ કલ્યાણ અધિકારીએ કરવાની રહેશે.

૩: આ અંગેનો ખર્ચ આદિજાતિ વિસ્તાર પેટા યોજના માટે અંદાજપત્રના સદર માંગણી ક્રમાંક:૯૮ મુખ્ય સદર-૨૨૨૫-અનુ.જાતિઓ,અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ પેટા સદર-બીસીકે-૨૪-કાનુની અને તબીબી સ્નાતકોને નાણાંકીય સહાય" હેઠળ ચાલુ વર્ષે કરેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

૩: આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં સલાહકારશ્રીની તારીખ ૯-૭-૮૭ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( સનત ચ.ભટ્ટ )
સેક્શન અધિકારી,
આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,
મુખ્ય મંત્રીશ્રીના રહસ્ય સચિવશ્રી,
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ,ગાંધીનગર
આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી,સચિવાલય,ગાંધીનગર
કાર્યપાલક નિયામકશ્રી, આદિજાતિ વિકાસ નિગમ, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી,અમદાવાદ.
સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓ / સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ. (ટપાલ મારફત સંબંધિત)
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ / સચિવાલયના સર્વે વિભાગો.
વિભાગની સર્વે શાખાઓ (રેકર્ડ-ટાઈપ-રજીસ્ટ્રી સિવાય.)
નાણાં શાખા ,આદિજાતિ વિકાસ વિભાગ, /સિલેક્ટ ફાઈલ.

ઓ ડ/૧૪૭/સ્ટેન/૮૭